
અમદાવાદ-રાજનગરના

# શેઠ શ્રી હઠીસિંહ કેસરીસિંહના,

બહારની વાડીના

તીર્થસ્વરૂપ જિનમંદિરનો

## પરિચય



: લેખક :

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

: પ્રકાશક :

**શેઠ શ્રી હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ**

દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૧.

: પ્રથમ આવૃત્તિ :

શેઠ શ્રી નરોત્તમભાઈ પી. હઠીસિંહના સ્મરણાર્થે

શ્રીમતી સુલોચનાબહેન નરોત્તમભાઈ પી. હઠીસિંહના સૌજન્યથી

ઓક્ટોબર, ૧૯૮૪

: પૂનઃ સંસ્કરણ :

જાન્યુઆરી, ૧૯૯૫

: સૌજન્ય :

'કેવલ સેવા'

॥ ॐ અર્હં નમઃ ॥

# શેઠ હઠીસિંહના જિનાલયનો પરિચય

અમદાવાદની મ્યુનિસીપાલિટી દ્વારા ચાલતી એ.એમ.ટી.એસ. ની લકઝરી બસ પ્રવાસીઓને અને જિજ્ઞાસુઓને અમદાવાદનાં જુદાં જુદાં જોવા લાયક સ્થળોએ લઈ જાય છે. આ સ્થળોમાં એક જિનાલયનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભવ્ય, વિશાળ અને મનોહર શિલ્પ ધરાવતું આ જિનાલય સ્વનામધન્ય **શેઠશ્રી હઠીસિંહ**ના જિનાલય તરીકે સુપ્રસિદ્ધ છે.

આ જિનાલયની નામના કેટલી મોટી છે તે, આજથી સોએક વર્ષ પહેલાં (ઇ.સ. ૧૮૮૭માં) ગુજરાતના મહાકવિ ગણાતા અને અમર નામના ધરાવતા શ્રી નર્મદાશંકરે નીચેના શબ્દોમાં આ જિનાલયની કરેલી પ્રશસ્તિ વાંચતાં સમજાય છે.

'શહેર બહાર ઉત્તરેથી શરૂ કરતાં દિલ્હી દરવાજાની પેલી પાર કેમ્પના રસ્તાની જમણી મેર હઠીસિંહનું દહેરૂ છે. એ ધર્મશાળા તથા બંગલા સાથે ૧૮૪૮માં દશ લાખને ખર્ચે બંધાઈ રહ્યું હતું : દહેરૂ પ્રેમચંદ સલાટે સણગારની મોટામાં મોટી દોલતે પૂરૂં કીધું છે. કોતરકામ ઉતરતું છે. શિલ્પધારી સ્વચ્છ નથી. પણ કામ એવું તવંગર છે કે જે કાળમાં જૈન શિલ્પનો ઉત્કર્ષ હતો તે કાળના જેવું જ છે ને તે ઉપરથી જણાય છે કે હજુ પણ ગુજરાતમાંથી બાંધવાનો ને પથ્થર કાપવાનો હુનર ગયો નથી. દહેરામાં બાવન ગોખલા છે ને એક એકમાં તીર્થંકરની કે કોઈ સાધુની આરસની મૂર્તિ છે. દહેરામાં મુખ્ય મૂર્તિ ધર્મનાથની છે.'

**- કવિ નર્મદાશંકર લાલશંકર કૃત**
'ગુજરાત સર્વસંગ્રહ' પૃ. ૪૨૫
મુદ્રણ સન ૧૮૮૭)

અમદાવાદની ઉત્તર દિશાએ આવેલ જાણીતાં દિલ્હી દરવાજાથી થોડેક દૂર આવેલ '**હઠીભાઈની વાડી**'ના નામથી સુપ્રસિદ્ધ સ્થાનના સુવિશાળ પ્રાંગણની એક બાજુએ આ જિનાલય આવેલ છે અને તે હઠીભાઈનાં દેરાસર તરીકે આબાલગોપાલમાં જાણીતું છે. વિ.સં. ૧૯૦૧માં શેઠશ્રીની હયાતી દરમ્યાન આ જિનાલયનો ખાતમુહૂર્તનો મંગળવિધિ કરવામાં આવ્યો હતો અને લગભગ બારેક લાખ રૂપિયાનાં ખર્ચે સંખ્યાબંધ સલાટોને રોકીને ફક્ત બે જ વર્ષમાં વિ.સં. ૧૯૦૩ માં જિનાલય તૈયાર થયું. તે દરમ્યાન શેઠશ્રી હઠીસિંગ માલણની ફોડકી વકરવાથી સ્વર્ગવાસ પામ્યા હતા. એટલે એની મોટા પાયા ઉપર પૂરી ધામધૂમ સાથે પ્રતિષ્ઠા કરાવવાની અતિ મોટી અને ગંભીર જવાબદારી **શેઠાણી શ્રી હરકુંવરબાઈ** ઉપર આવી પડી હતી. એટલે વિ.સં. ૧૯૦૩ ની સાલમાં મહા વદ ૧૧ નાં મંગળ દિવસે એની પ્રતિષ્ઠા સાગરગચ્છના આચાર્ય શ્રી શાંતિસાગરસૂરિજીનાં વરદ હસ્તે કરાવવામાં આવી હતી. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા માટે ગામોગામ આમંત્રણ પત્રિકાઓ લખવામાં આવી હતી, જેથી એકાદ લાખ જેટલી વિશાળ સંખ્યામાં ભાવિક ભાઈઓ તથા બહેનો આ પ્રતિષ્ઠામાં ભાગ લેવા પધાર્યા હતા. એમને ઊતરવાની વ્યવસ્થા પૂરી પાડવા માટે મંદિરના પાછળના ભાગથી લઈને છેક શાહીબાગ સુધી રાવટીઓ (તંબુઓ) નાખવાની જરૂર પડી હતી. આના લીધે મંદિરની પાછળનો ભાગ આજે પણ હઠીપરાનાં નામથી સુપ્રસિદ્ધ છે.

બાવન જેટલી નાની નાની દેરીઓરૂપી ગઢની અંદરના ભાગમાં મુખ્ય જિનાલય આવેલું છે. એનું પ્રવેશદ્વાર મજલાવાળું છે અને ઝીણી મોટી કોરણીથી ખૂબ સમૃદ્ધ બનેલું છે જેને પોર્ચ કહેવામાં આવે છે. એના કળામય શિલ્પ ધરાવતા ઝરૂખા ખાસ જોવા લાયક છે. આ પોર્ચનાં થાંભલાઓ, પ્રવેશદ્વાર, અને ઉપરનો ભાગ જાતજાતની અને ભાતભાતની એવી કળામય કોરણીથી ભરેલો છે, જે ઉપરથી ભાવિક યાત્રિકને પોતે કયું સુંદર દ્રશ્ય નિહાળવાનો છે એનો જાણે એને અણસાર મળી જાય છે.

ઝીણી મોટી કોરણી ધરાવતી બાવન દેવકુલિકાઓમાં દરેકમાં તીર્થંકર ભગવાનની ત્રણ કે તેથી વધુ જિનપ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે. આ મૂર્તિઓમાં મોટા ભાગની મૂર્તિઓ વર્તમાન ચોવિસીની હોવા છતાં આશરે વીસેક જેટલી જિનપ્રતિમાઓ અતીત ચોવિસીમાં થયેલા તથા અનાગત ચોવિસીમાં થનારા તીર્થંકર ભગવંતોની છે.

હવે કેન્દ્રમાં આવેલ મુખ્ય જિનાલયની વાત કરીએ. આ જિનાલય ઊંચી ઊભણીનું છે. એનાં પગથિયા ચઢીને મંદિરનાં ભાગમાં પ્રવેશ કરતાં પહેલાં પૂજામંડપ આવે છે જે ઘણો વિશાળ છે. તે પછી બીજો રંગમંડપ આવે છે જે પણ સારા પ્રમાણમાં વિશાળતા ધરાવે છે. આ પછી ત્રણ દરવાજા ધરાવતું ઘણું મોટું ગર્ભગૃહ (ગભારો) આવે છે જેમાં જુદા જુદા તીર્થંકરોની પાષાણની તથા ધાતુની જિનપ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવેલી છે. આ જિનપ્રતિમાઓમાં મુખ્ય જિનેશ્વર તરીકે વર્તમાન ચોવિસીનાં પંદરમા તીર્થંકર **શ્રી ધર્મનાથ સ્વામી**ની જિનપ્રતિમા પધરાવવામાં આવી છે.

આ રંગમંડપમાં આપણી દર્શન કરનારની જમણી તરફ એક ઊંચી સીડી છે જે ચઢીને આ મંદિરનાં ઉપરનાં ભાગમાં જઈ શકાય છે. અહીં પણ ગર્ભગૃહ (ગભારો) બનાવીને તેમાં જુદા જુદા જિનેશ્વરોની પ્રતિમાઓ પધરાવવામાં આવી છે. તથા રંગમંડપ ઉપરનો ઘુમ્મટ પણ દર્શકની નજરે ચઢે છે.

આ જિનાલયમાં એક ભોંયરુ પણ બનાવવામાં આવ્યું છે જેમાં જુદા જુદા તીર્થંકરોની મૂર્તિઓ પધરાવવામાં આવી છે. આ ભોંયરાની અંદર પ્રવેશ કર્યા પછી સામી બાજુએ બહાર નીકળી શકાય એ રીતે બે પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યા છે. મંદિરનું કુલ ચોગાન ૧૬૦ ફૂટ લાંબુ અને ૧૨૬ ફૂટ પહોળું છે, એટલે કેન્દ્રસ્થ મુખ્ય જિનાલય અને તેની ફરતી બાવન દેરીઓ વચ્ચે સારા પ્રમાણમાં અંતર રહી શકયું છે. બાવન દેરીઓમાં પરિકમ્મા કરતાં જ્યારે ભક્ત મધ્યસ્થાને આવી પહોંચે છે ત્યારે એની નજરે મંદિરનાં ઊંચા ત્રણ શિખરો પડયા વગર રહેતાં નથી કે જે ઘણાં પ્રકારની કોરણીથી સમૃદ્ધ બનેલા છે.

પૂજામંડપ ઉપર મોટો ઘુમ્મટ આવેલો છે જે જિનાલયની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.


જિનાલયમાં ઠેર ઠેર વિવિધ પ્રકારની અંગભંગીઓથી શોભાયમાન શાલભંજિકાઓ (પુતળીઓ) ગોઠવવામાં આવી છે જે ભાવિક દર્શકનું ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી.

જેમ મુખ્ય મંદિર ત્રણ શિલ્પમંડિત શિખરોથી શોભાયમાન બન્યું છે તેમ તેને ફરતી બાવન દેરીઓ પણ નાનાં નાનાં શિખરોથી શોભાયમાન બનેલી છે.

મંદિરના ઘંટારવ અને દેરીઓ ઉપરની ઘંટડીઓના મધુર નાદથી જાણે કર્ણમધુર સંગીત સાંભળતા હોઈએ એવો ભાસ થાય છે.

આ મંદિરની સાચવણી એવી સારી રીતે કરવામાં આવે છે કે જેથી સવાસો ઉપરાંત વર્ષ થયા હોવા છતાં એ તાજું ને તાજું લાગ્યા કરે છે. આનો યશ આ મંદિરનો વહીવટ સંભાળતા **શેઠ હઠીસિંહ કેસરીસિંહ**ના નામે ચાલતાં ટ્રસ્ટને ઘટે છે. અને એ માટે એના ટ્રસ્ટી ભાઈઓ અભિનંદનને પાત્ર છે.

આ મંદિરનું નિરીક્ષણ કર્યા પછી પુરાતત્ત્વનાં જાણીતા વિશ્વ વિખ્યાત વિદ્વાન શ્રી આનંદકુમારસ્વામીએ આ મંદિરની બાંધણીને એકંદર 'નાગર' બાંધણી તરીકે ઓળખાવી છે.


નિહાલચંદ
ખુશાલચંદ
ગુલાબશા
હીરાભાઇ
નગીનદાસ
પ્રેમાભાઇ
દેવશા
કેસરીસિંઘ
: સુરજબાઇ
(અવસાન : સંવત ૧૯૦૧ ભા.શુ.૫)
હઠીસિંઘ જન્મ : સંવત ૧૮૫૨
અવસાન : સંવત ૧૯૦૧ શ્રા.શુ.૫
૧: રુક્મીણીબહેન —
તે નગર શેઠ હીમાભાઇના મોટા દીકરી
(આંખે અંધ થઇ ગયેલ)
૨: પ્રસન્નકુંવર —
તે નગર શેઠ હીમાભાઇની બીજા દિકરી
(તે અકાળે ગુજરી ગયા)
૩: હરકુંવર શેઠાણી —
તે ઘોઘા(ગોધામાં)ના વાણીયાના દિકરી
ઉજમભાઇ
ઉમાભાઇ
જેશીંગભાઇ
: શણગારબહેન
મણીભાઇ
: ચાંપીબહેન
સાહેબસીંગ
: પ્રભાવતીબહેન
અજીતભાઇ
: નિર્મળાબહેન
ચંદ્રસિંહભાઇ
: પ્રભાવતીબહેન
અતુલભાઇ
: નયનાબહેન
સુધાકરભાઇ
: કુસુમબહેન
પંકજભાઇ
: નયનાબહેન
અંકુર
કુલીનસિંહ
: ઇલાબહેન
મુકુલભાઇ
: અંજનાબહેન
આજન
મગનભાઇ
પુરુષોત્તમભાઇ
: લીલાબહેન
દલપતભાઇ
: લક્ષ્મીબહેન
નરોત્તમભાઇ
: સુલોચનાબહેન
અનિલભાઇ
: પૂર્ણિમાબહેન
સમીરભાઇ
દિલીપભાઇ
: માધવીબહેન
સુરોત્તમભાઇ
ગુણોત્તમભાઇ
: ક્રિષ્નાબહેન
અજીતભાઇ
: અમૃતાબહેન
નિખીલભાઇ
વિવેકભાઇ
રવિભાઇ
હર્ષભાઇ
સર્વોત્તમભાઇ
: ગુલાબબહેન
દિપકભાઇ
: દક્ષાબહેન
ઉમંગભાઇ
જનકભાઇ
: વાસનાબહેન
સૌમ્યેનભાઇ


- રાયચંદ
  - મોકમભાઈ
  - દોલાભાઈ : મોતીકુંવર
    - જેશીંગભાઈ *
    - મગનભાઈ ◉
    - મૂળચંદભાઈ ★
- કમાઠિઆ

---

- ★ મૂળચંદભાઈ : આધારબહેન
  - મોહોલાલભાઈ : ઉલ્લાસબહેન
    - પ્રતાપસિંહ : સુભદ્રાબહેન
      - અરૂણભાઈ
      - બીપીનભાઈ : સરોજબહેન
        - દર્શનભાઈ : નૂપુરબહેન
    - વિજયસિંહ : મંજુલાબહેન
      - કુલીનસિંહભાઈ : અરૂણાબહેન
        - સુનિલભાઈ : નીનાબહેન
      - અરવિંદભાઈ : તીલોત્તમાબહેન
        - સ્નેહલભાઈ : રાજવીબહેન
          - પલકભાઈ
        - સુબિરભાઈ : મોનાબહેન
          - ધૈર્યભાઈ
      - સુરેશભાઈ : હેમલત્તાબહેન : પ્રતિભાબહેન
        - મલયભાઈ : તન્વીબહેન
        - ઉજ્જવલભાઈ
- ■ ઉમાભાઈ
  - કાળીદાસ
  - જગાભાઈ
  - પન્નાલાલ

---

- સારાભાઈ : અમરતબહેન
  - નરેન્દ્રભાઈ : ગુણીયલબહેન
    - અનુભાઈ : રમાબહેન
      - ગૌરવભાઈ : પ્રિતીબહેન
        - સલિલભાઈ
      - નિખીલભાઈ : શૈલાબહેન
  - સુરેન્દ્રભાઈ : જયાબહેન
    - કનકભાઈ : નયનાબહેન
    - ચ્યવનભાઈ : વિભાબહેન
      - શ્રિવનભાઈ : સોજ્જલબહેન
    - કાર્તિકભાઈ : સુધાબહેન
    - કિરીટભાઈ : નિરૂપમાબહેન
      - ઉત્પલભાઈ
    - કર્ણિકભાઈ : મીનાબહેન
      - નિરજભાઈ : ચતુરાબહેન
    - પથકાન્તાભાઈ : પારૂલબહેન



## મંદિરનાં નિર્માતા શેઠ-શેઠાણી

શેઠ શ્રી હઠીસિંહ કેસરીસિંહ તથા તેમનાં ધર્માનુરાગી ધર્મપત્ની શેઠાણી શ્રી હરકુંવરભાઈ એ બન્નેનાં સંયુક્ત ધર્મપુરુષાર્થ, ભાવનાશીલતા અને વિરલ ઉદારતાથી બે વર્ષ જેટલાં ટૂંકા ગાળામાં જ આ મંદિરનું નિર્માણ થઈ શકયું હતું.

## શેઠ શ્રી હઠીસિંહ કેસરીસિંહ

આ શ્રેષ્ઠીનાં પિતાશ્રીનું નામ કેસરીસિંહ ખુશાલચંદ હતું અને માતુશ્રીનું નામ શેઠાણી સૂરજબહેન હતું. તેમનો જન્મ વિ.સં. ૧૮૫૨ની સાલમાં થયો હતો. વિશિષ્ટ વ્યક્તિત્વને લીધે તેઓ રાજમાન્ય અને પ્રજામાન્ય બની શકયા હતા. મુંબઈના શાહ સોદાગર શેઠશ્રી મોતીશા સાથે એમનો ઘનિષ્ઠ પ્રેમસંબંધ હતો, જેથી એમના વ્યાપારમાં સારો એવો વધારો થવા પામ્યો હતો. ઉપરાંત તેમણે ચીન સાથેનાં અફીણના નિકાસમાં વેપારમાં અઢળક લક્ષ્મી સંપાદન કરી હતી અને દેશનાં જુદાં જુદાં સ્થાનોમાં અનેક પેઢીઓ ખોલી હતી.

એમનાં પ્રથમ ધર્મપત્ની રૂકમણિબહેન હતાં જે નગરશેઠ શ્રી પ્રેમાભાઈનાં બહેન થતાં હતાં. તેઓ આંખે અખમ (આંધળા) થતાં, એમણે રૂકમણિબહેનની બહેન પ્રસન્નબહેન સાથે બીજા લગ્ન કર્યા હતાં. પણ કમનસીબે, એમનું ટૂંકા લગ્નજીવન પછી અવસાન થતાં એમને ત્રીજીવાર લગ્ન કરવાની ફરજ પડી હતી. એમનાં આ ત્રીજાં ધર્મપત્ની ઘોઘાનાં એક સામાન્ય ઓસવાળ કુટુંબનાં પુત્રી હતાં, પણ એમ કહેવાય છે કે એમના પગે પદ્મ હતું, અને એમની સાથેના લગ્ન પછી હઠીસિંગ શેઠની લક્ષ્મીમાં અસાધારણ વધારો થવા પામ્યો હતો. આ બન્ને પતિ-પત્ની ધર્મનાં ખૂબ અનુરાગી હતાં અને તેથી જ હઠીસિંગનું દહેરૂં બાંધવાનો નિર્ણય કરીને પોતાની ધર્મભાવના અને લક્ષ્મીને તેઓએ ચરિતાર્થ કરી હતી.

પણ કમનસીબ એવું કે હઠીસિંહ શેઠને ત્રણ ત્રણ ધર્મપત્ની થવા છતાં એક પણ સંતાન નહોતું થયું. તેથી એમનાં ત્રણે ધર્મપત્નીઓ માટે પોતાનાં સગાસંબંધીઓમાંથી ત્રણ વ્યક્તિઓને પુત્ર તરીકે ખોળે લીધી હતી. આ ઉપરાંત, હરકુંવર શેઠાણીએ પોતે લીધેલ પુત્ર સાથે મેળ ન બેસતાં પોતાની નણંદનાં દીકરા ઉમાભાઈ શેઠને ખોળે લીધા હતાં, જેમના પુત્રના કબજામાં અત્યારે હરકુંવર શેઠાણીની હવેલી છે.

ઓગણપચાસ વર્ષની નાની વયે વિ.સં. ૧૯૦૧માં **હઠીસિંગ શેઠ**નું શોકજનક અવસાન થયું હતું. એટલે મંદિરનું કામ મુખ્ય સલાટ પ્રેમચંદભાઈની મદદ લઈને ૧૨ લાખ રૂ. ના ખર્ચે પૂરું કરવાની જવાબદારી તથા તેની પ્રતિષ્ઠા કરાવવાની જવાબદારી શેઠાણી હરકુંવર ઉપર આવી પડી હતી. આ પ્રતિષ્ઠામાં ૬ થી ૮ લાખ રૂપિયાનો ખર્ચ થયું હોવાનું જાણવા મળે છે.

# હરકુંવર શેઠાણી

આ જાજરમાન મહિલાનો જન્મ ભાવનગર પાસેના ઘોઘા તીર્થમાં વસતાં એક સામાન્ય સ્થિતિનાં ઓસવાળ કુટુંબમાં થયો હતો. એમનાં સુલક્ષણો જોઈને હઠીસિંહ શેઠે એમની સાથે ત્રીજીવારનાં લગ્ન કરવાનો નિર્ણય કર્યો હતો. તે વખતે તેમની ઉંમર તેરેક વર્ષની હતી. હરકુંવરબાઈ જેમ વ્યાપક બુદ્ધિ ધરાવતાં હતાં તેમ એમની ધર્મભાવના અને ઉદારતા પણ અસાધારણ હતી. કોઈ પણ પ્રશ્નને તેઓ ઈશારા માત્રથી સમજી જતાં અને તેનો ઉકેલ શોધી આપતાં હતાં. તેથી જ હઠીસિંહ શેઠના અકાળ અવસાન પછી પોતે નિઃસંતાન હોવા છતાં ભાંગી પડવાને બદલે એમના અતિ વિશાળ વેપારના પથારા તથા વ્યવહારને તેમણે પૂરેપૂરો નિભાવી જાણ્યો હતો. તેમની દાનવીરતાથી પ્રેરાઈને અંગ્રેજ સરકારે એમને **'સખાવતે બહાદૂર'**નો માનવંતો ઈલ્કાબ આપ્યો હતો.

એમની કુશાગ્ર બુદ્ધિનું પ્રમાણપત્ર તો એ વાત બની રહે છે કે પોતાના પતિના વેપારના અતિ વિશાળ પથારાનો તેમજ સંપત્તિનો એમને રજેરજ ખ્યાલ રહેતો હતો. તેથી જ્યારે અતિવિશાળ મિલ્કતનાં હઠીસિંગ શેઠની ત્રણ પત્નીઓમાં વહેંચણી કરી લેવાનો કંઈક દુઃખદ કહી શકાય એવો અવસર આવ્યો ત્યારે એમણે નકામી માથાકૂટમાં પડયા વગર પોતાની બુદ્ધિ અને ગણતરીના બળે ત્રણ યાદીઓ બનાવીને નગરશેઠ શ્રી પ્રેમાભાઈને સુપરત કરી અને ઈશારા માત્રમાં આટલી મોટી મિલ્કતની વહેંચણી થઈ શકી.

એમની કાબેલિયતનો પરિચય શેઠશ્રી હઠીસિંગના દેરાસરનાં મહા મહોત્સવ વખતે મળી ચૂકયો હતો. એમણે ઝડપી વાહન વ્યવહારના અભાવમાં પણ સમ્મેતશિખરજી જેવા સુદૂરનાં તીર્થનો વિશાળ સંઘ કાઢવાની હામ ભીડી હશે એ ઉપરથી એમની હિંમત અને સાહસિકતા કેટલા મોટા પ્રમાણમાં હશે તે સમજી શકાય છે. આ સંઘમાં પ.પૂ. **પંડિત શ્રી વિરવિજયજી** મહારાજે ઢાળિયા (કવિતા) રચીને એની મુક્ત મને પ્રશસ્તિ ગાઈ છે. આપણે પણ એ ભાગ્યવંતી, શક્તિવંતી અને ખમીરવંતી મહિલાનાં ગુણાનુવાદ કરીને ધન્ય બનીએ.

# આ દેરાસર વિશે શ્રી રવિશંકર રાવળ

'અમદાવાદનું આ શ્રેષ્ઠ દેવાલય છે. ગઈ સદીના પૂર્વભાગમાં એ બંધાયું છે. પ્રાચીન રીત પ્રમાણે મંદિરો બાંધનારા શિલ્પીઓના પરિવાર હજુ હયાત છે તે આ મંદિરથી સિદ્ધ થાય છે. શિલ્પી પ્રેમચંદ સલાટે એની રચના કરી છે. તે બંધાયું ત્યારે શિખરબંધ દેરીઓના કોટ વચ્ચે ઘેરાયેલું સમગ્ર નિર્માણ, ચારે પાસની હરિયાળી વચ્ચે, ખરેખર કોઈ દેવનિવાસ સમું લાગતું હશે.

...અંદર પ્રવેશ કરતાં જ મંદિરનો દર્શનભાગ જોતાંની સાથે સ્થાપત્ય રચનાની સપ્રમાણ એકરૂપતાથી પ્રભાવિત બની કોઈ પણ જોનારથી આનંદના ઉદ્ગાર કાઢયા વિના રહેવાતું નથી. મંદિરના બલાનક અથવા પ્રવેશદ્વારના નકશીથી ભરપૂર સ્તંભો ઉપર એવી જ શોભાયમાન માળવાળી ડેલીની રચના છે. તેની બે બાજુ મિનારા જેવા બેઠા ઘાટના તોડા છે, જે મુસ્લિમ અસર બતાવે છે...

બર્જેસ અને ફર્ગ્યુસન જેવા પ્રકાંડ સ્થાપત્યપંડિતો આ મંદિરની રચનામાં ઉતરેલી સંબંધપરંપરા અને એકરૂપતા ઉપર વારી ગયા છે. કોઈ ઠેકાણે અહીંની પેઠે દરેક રચના હેતુસારી અને મુગ્ધકર બનેલી જોવામાં આવતી નથી. અનેકવિધ નકશીકામ પ્રમાણે અને ખંડોને સમગ્રતા આપી મુખ્ય કેન્દ્ર તરફ મનને એકાગ્ર કરાવનારી વિરલ શક્તિ અહીં પ્રગટ થતી દેખાય છે. અંદરથી નજર ફેરવો, કે બહાર ચોકમાં જઈ કોઈ ખૂણેથી નિરીક્ષણ કરો તો અનેક પ્રકારની વિવિધતાઓ જોવાં છતાં આપણને ગૂંચવણ કે મથામણ લાગતી નથી. દરેક રચના કે ગોઠવણ તેનો હેતુ સંભાળી આનંદપ્રદ બની રહે છે.

ફર્ગ્યુસને કહ્યું : 'હિન્દુસ્થાનમાં જૈન સ્થાપત્ય ટોચે પહોંચ્યું હતું અને મુસલમાન સમયમાં કેટલાંક મિશ્રણોથી એ વધારે શુદ્ધ બન્યું. મુસલમાની સમયમાં પણ જૈન મંદિરો બંધાયા તેમાં આ મંદિરની રચના સંપૂર્ણ દેખાય છે.'

(શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણમહોત્સવ ગ્રંથમાં સાભાર ઉદ્ધત)

